# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-03-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MONETARING COMMITTEE MEETING

ગાંધીનગરમાં આજે મળેલી તકેદારી અને મોનિટરિંગ સમિતિની બેઠકમાં દલિત અને આદિવાસી સમાજને પડી રહેલી મુશ્કેલીઓની સમીક્ષા કરવામાં આવી હતી.

ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય રમણલાલ વોરાએ જણાવ્યું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની આગેવાનીમાં મળેલી આ બેઠકમાં રાજ્યનાં મહાનગરોમાં સમરસ છાત્રાલય બનાવવાની અને એટ્રોસિટીનાં કેસોને પ્રાથમિકતા આપવાની રજૂઆત કરવામાં આવી હતી. બેઠકમાં એટ્રોસિટી એક્ટના અમલીકરણની સમીક્ષા કરવામાં આવી હતી.

કોંગ્રેસના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ જણાવ્યું કે, તેમણે અસ્પૃશ્યતા નાબૂદી માટેનું અભિયાન ચાલુ કરવા રજૂઆત કરી હતી. તેમણે આક્ષેપ કર્યો કે, રાજ્યમાં ગેરકાયદેસર જમીન પર માથા ભારે વ્યક્તિઓનો કબજો છે.

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું કે, તેમણે રાજ્યમાં દલિતો પર થતા અત્યાચાર સામે રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું કે, ભૂ માફિયા સામે એટ્રોસિટી એક્ટ મુજબ કાર્યવાહી થવી જોઈએ.

બેઠકમાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય પણ હાજર રહ્યા હતા.

. . . . . . . . . . . .

# CRIME CONFARANCE

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયની અસામાજીક તત્વોને પાઠ ભણાવવાની સો કલાકની ડ્રાઇવ અંતર્ગત દ્વારકામાં રાજકોટ પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવે ક્રાઇમ કોન્ફરન્સ યોજી હતી.

રાજકોટ રેન્જમાં પોલીસ દ્વારા અંદાજે બે હજારથી વધુ ગુનેગારોમાંથી 210 અસામાજીક તત્વોને ઓળખવામાં આવ્યા છે. જેમાંથી 19 બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા છે. આ સાથે રાજકોટમાં અઢી કરોડ રૂપિયાની વીજ ચોરી કરનાર લોકોને પીજીવીસીએલ દ્વારા દંડ કરાયો છે. આ સાથે ખનીજ માફિયા અને સોશિયલ મીડીયામાં રીલ્સ વાયરલ કરનાર લોકો ઉપર પોલીસ સતત નજર રાખી રહી છે.

. . . . . . . . . . . .

# PM WATER DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ‘વિશ્વ જળ દિવસ’ પર જળ સંરક્ષણ અને સતત વિકાસને પ્રોત્સાહન આપવા દેશની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ જળ સંરક્ષણના મહત્વ પર પ્રકાશ પાડતા વીડિયો પણ રજૂ કર્યો. તેમણે ભવિષ્યની પેઢીઓ માટે પાણીને સાચવવાની જરૂરીયાત પર ભાર મૂક્યો.

**(બાઈટઃ નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)**

. . . . . . . . . . . . . . .

# IIT HECKATHON

આઇઆઇટી ગાંધીનગરના કેમ્પસમાં એનએસઓ અને આઇઆઇટી ગાંધીનગરના ઉપક્રમે ત્રણ દિવસીય હેકાથોન ચાલી રહી છે.

વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના પાંચ સભ્યોની કુલ 700 ટીમોએ સત્તાવાર આંકડાશાસ્ત્રના ક્ષેત્રમાં AI/MLના ઉપયોગ સંબંધિત ત્રણ કેસ માટે અરજી કરી હતી. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન ટેકનોલોજી, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી સહિતની પ્રતિષ્ઠિત સંસ્થાઓની 19 ટીમો હેકાથોનમાં ભાગ લઇ રહી છે.

આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના એડીજી આર રાજેશે ભારતની આધુનિકીકરણ પહેલો પર પ્રકાશ પાડ્યો હતો. જેમાં ડેટા ઇનોવેશન લેબ, ઇ-સ્ટેટિસ્ટિક્સ પોર્ટલનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . .

# AMC COOL BUS STOP

મુસાફરનો ગરમીમાં રાહત આપવા માટે અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા લાલ દરવાજા બસ ટર્મિનલમાં મુસાફરો માટે કુલ બસ સ્ટોપ બનાવવામાં આવ્યા છે. આ બસ સ્ટોપથી તાપમાન 6 થી 7 ડિગ્રી જેટલું નીચું રહે છે. લાલ દરવાજા ટર્મીનસના પ્લેટફોર્મ ક્રમાંક 7 અને 8 પર ખસના પડદાં લગાવી 'કુલ બસ સ્ટોપ' બનાવવામાં આવ્યું છે. સૂકા ઘાસમાંથી બનેલા ખસના

પડદાંનો ઉપયોગ કરીને બનાવેલા આ કુલ બસ સ્ટોપના કારણે બસ સ્ટોપમાં મુસાફરોને રાહત મળે છે.

આ અંગે અમદાવાદના મેયર પ્રતિભા જૈને વધુ માહિતી આપી....

**( BYTE- PRATIBHA JAIN, MAYOR, AHD)**

. . . . . . . . . . . .

# VADODARA FIRE

વડોદરામાં આજે આગની બનેલી બે અલગ અલગ ઘટનામાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હોવાના અહેવાલ છે.

વડોદરાના સયાજીપુરામાં એક ઘરમાં આગ લાગતા 43 વર્ષીય વ્યક્તિનું મોત થયું હતું. દુર્ઘટના સમયે તેઓ ઘરમાં એકલા જ હતા. પાણીગેટ ફાયર સ્ટેશનની ટીમે ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. જ્યારે મકરપુરામાં એસઆરપી ગ્રુપ-9માં સ્ટોરરૂમમાં આગ લાગવાનો બનાવ બન્યો હતો..બનાવની જાણ થતાં 4 ફાયર સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને 6થી વધુ ફાયર ટેન્કરની મદદથી આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કરાયો હતો.

. . . . . . . . . . . .

# DAMAN-LOK ADALAT

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં કાનૂની સેવા સત્તા મંડળ અને એડવોકેટ બાર એસોસિયેશનના સહકારથી રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું. મોટી દમણ અદાલત સંકુલમાં યોજાયેલી આ લોક અદાલતમાં પ્રિ-લીટીગેશન, ફેમિલી મેટર, સિવિલ, બેંકો, દૂરસંચાર અને નગરપાલિકા ટેક્સ સહિતના અનેક કેસ હાથ ધરવામાં આવ્યા હતા.

બપોર સુધી  પ્રિલીટીગેશનના કુલ 3 હજાર 864 કેસમાંથી 2 હજાર 77 કેસોનું નિરાકરણ લાવવામાં આવ્યું, જેમાં 1 કરોડ 18 લાખ રૂપિયાની રકમની વસૂલાત કરવામાં આવી.

. . . . . . . . . . . .